# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા

સફલ પ્રેલ્યુડની સામે, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in


## જાહેરાત

**(ક્રમાંક:સીસપ-તાલીમ/૨૦૧૬-૧૭/પ્રવેશ પરીક્ષા – ૨૦૧૬/આયોજન/૦૬/સ્ટડી)**

**યુ.પી.એસ.સી સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૧૭ (IAS, IPS, IFS etc.) પ્રશિક્ષણવર્ગ ૨૦૧૬-૧૭**

**(આ ગુજરાત સરકાર ધ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે. નોકરી માટેની જાહેરાત નથી.)**

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે યુ.પી.એસ.સી ધ્વારા લેવાનાર સિવિલ સર્વિસીઝ પરીક્ષા (IAS, IPS, IFS etc.) – ૨૦૧૭ ની તૈયારી માટેનો પ્રશિક્ષણવર્ગ૨૦૧૬-૧૭ માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.gujarat.gov.in/ની વેબસાઇટ પર **તા.૧૬/૦૭/૨૦૧૬ થી તા.૨૯/૦૭/૨૦૧૬ સુધી**(સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશેઅને અરજી કર્યા બાદ પરીક્ષા ફી ભરવા માટેના ચલણની પ્રિન્ટ કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને **તા.૧૬/૦૭/૨૦૧૬થી તા.૦૧/૦૮/૨૦૧૬સુધી**(પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) પરીક્ષા ફી ભરી શકશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kbસાઇઝથી વધારે નહીં તે રીતે) અને Signature (10 kbસાઇઝથી વધારે નહીં તે રીતે)jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે પોતાની શૈક્ષણિકલાયકાત, વયમર્યાદા, જાતિ અને અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને સંસ્થા ધ્વારા માંગણી થયેથી અચૂક રજૂ કરવાના રહેશે.

૨. **ઉક્ત જણાવેલ પ્રશિક્ષણવર્ગ ૨૦૧૬-૧૭ માટે જગ્યાઓની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ નં | સેન્ટરનું નામ | કુલ બેઠક | બિન અનામત કુલ સંખ્યા (UR) | બિન-અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ (UEWS) | એસસી કુલ સંખ્યા (SC) | એસટી કુલ સંખ્યા (ST) | એસઈબીસી કુલ સંખ્યા (SEBC) |
|---|---|---|---|---|---|---|---|
| **૧ | સ્પીપા, અમદાવાદ | ૧૦૦ | ૪૧ | ૧૦ | ૭ | ૧૫ | ૨૭ |
| **૨ | આરટીસી, અમદાવાદ | ૬૦ | ૨૫ | ૬ | ૪ | ૯ | ૧૬ |
| ૩ | આરટીસી, વડોદરા | ૬૦ | ૨૫ | ૬ | ૪ | ૯ | ૧૬ |
| ૪ | આરટીસી, સુરત | ૬૦ | ૨૫ | ૬ | ૪ | ૯ | ૧૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | આરટીસી, રાજકોટ | ૬૦ | ૨૫ | ૬ | ૪ | ૯ | ૧૬ |
| ૬ | ગુજરાત કોમર્સ કોલેજ | ૧૬૦ | ૬૬ | ૧૬ | ૧૧ | ૨૪ | ૪૩ |
| **કુલ** | | **૫૦૦** | **૨૦૭** | **૫૦** | **૩૪** | **૭૫** | **૧૩૪** |

**નોંધ:**∗∗(૧) સ્પીપા ખાતે હાલમાં ચાલી રહેલ રિનોવેશનને કારણે સ્પીપા મેઈન સેન્ટરના (૧૦૦ વિદ્યાર્થીઓ) અને પ્રા.તા.કે. સ્પીપા અમદાવાદના(૬૦ વિદ્યાર્થીઓ) એમ મળીને બન્ને સેન્ટરના કુલ ૧૬૦ વિદ્યાર્થીઓને એલ.જે. લૉ કોલેજ,એલ.જે કેમ્પસ, સરખેજ,અમદાવાદ ખાતે તાલીમવર્ગ, રિડિંગરૂમ અને લાયબ્રેરીની સવલત પૂરી પાડવામાં આવશે.વધુમાં આ સેન્ટર્સ ખાતે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ સ્વખર્ચે તાલીમસ્થળે પહોંચવાનું રહેશે.(૨) ઉક્ત દર્શાવેલ કેટગરી વાઇઝ સંખ્યામાં ૩૩% સીટો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.જો કોઈ સંજોગોમાં મહિલા ઉમેદવારો ના મળે તો ખાલી રહેતી જગ્યાઓ જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે. વધુમાં, જે-તે અનામત કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો તેવા સંજોગોમાં તે સીટ પર જનરલ કેટેગરીના ઉમેદવારને મેરિટને આધારે પ્રવેશ આપવામાં આવશે.(૩) ઉક્ત સ્પીપા, અમદાવાદ (પ્રા. તા. કે. અમદાવાદ સહિત) અને તેના નિયંત્રણ હેઠળના અન્ય પ્રાદેશિક તાલીમ કેંદ્રો રાજકોટ, વડોદરા, સુરત તેમજ ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદમાં નિયત થયેલ કુલ સીટો પૈકી ૩% સીટો શારીરિક વિકલાંગ ઉમેદવારોમાટે Horizontal Reservation ભરવામાં આવશે.શારીરિક વિકલાંગ ઉમેદવાર જે કેટેગરીના હોય તેમને તે કેટેગરીમાં ગણવાના રહેશે. (૪) બિન-અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬-૦૫-૨૦૧૬ ના ઠરાવક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ ના ઠરાવના મુદ્દા નં.૨ થી ઠરાવેલ પરિશિષ્ટ – અ મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.(૫) ગુજરાત સરકારની અનામત નીતિ મુજબ એસસી(SC) ને ૭%, એસટી(ST) ને ૧૫%, એસઈબીસીને(SEBC) ૨૭%, જનરલ કેટેગરી(Unreserved) ને ૪૧% અને બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)∗ કેટેગરીને ૧૦% અનામત પ્રમાણે પ્રવેશ મળશે. (∗મુદ્દા નં. ૪, વયમર્યાદામાં દર્શાવેલ નોંધ ધ્યાને લેવા વિનંતી છે.)

## 3. શૈક્ષણિક લાયકાત અને પાત્રતા

1. **શૈક્ષણિક લાયકાત**: કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર ધ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સીટી/ડીમ્ડ યુનિવર્સીટીમાંથી સ્નાતક કરેલું હોવું જોઇએ.
2. **રાષ્ટ્રીયતા**: ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.
3. આ તાલીમમાં જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય **અથવા** જે ઉમેદવારોએ માધ્યમિક **અથવા** ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય **અથવા** સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય **અથવા** ગુજરાતમાં પાંચ વર્ષનો સળગ વસવાટ કરેલ હોય અને હાલ ગુજરાતમાં સ્થાયી હોય તેવા ઉમેદવારો આ તાલીમવર્ગમાં દાખલ થવા માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે.
4. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારનું નોન-ક્રીમીલેયર સર્ટી અને

અન્ય જરૂરી લાયકાત માટે સંસ્થા દ્વારા જે તારીખે રજુ કરવા જણાવવામાં આવે તે તારીખની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૪. **વયમર્યાદા: (તા.૦૧/૦૬/૨૦૧૭ની સ્થિતિએ)**

1. ઓછામાં ઓછા ૨૧ વર્ષ અને વધુમાં વધુ ૩૨ વર્ષ સુધી
2. સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે નહીં.
3. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) અને બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)* ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5. અંધ ઉમેદવાર અને શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

*નોંધ: * ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૦૬-૦૫-૨૦૧૬ ના ઠરાવક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ થી નક્કી થયાનુસાર, બિનઅનામત કક્ષાનાં આર્થિક રીતે નબળા વર્ગો (UEWS) માટે ૧૦% જગ્યાઓ પ્રવેશ માટે અનામત રાખવામાં આવેલ છે, અને આ જ ઠરાવની જોગવાઈ મુજબ, રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC) ને જે માપદંડો લાગુ પડે છે તે જ માપદંડો આ હેતુ માટે લાગુ પાડવાનાં રહેતા હોઈ, બિનઅનામત કક્ષાનાં આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)ને ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષની છૂટછાટ તેમજ મુદ્દાનં. ૨ ના પત્રકમાં દર્શાવ્યાનુસાર પ્રશિક્ષણવર્ગ ૨૦૧૬-૧૭ માટેની કુલ જગ્યાઓની ૧૦% જગ્યા ઉપર અનામતનીતિ અનુસાર આ પ્રશિક્ષણવર્ગમાં પ્રવેશ આપવામાં આવશે, પરંતુ આ અનામતનો લાભ મેળવી પ્રવેશ મેળવનાર ઉમેદવારે આગામી વર્ષની યુપીએસસીની પ્રિલિમ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા સારુ, યુપીએસસી દ્વારા બહાર પાડવામાં આવતા નોટીફિકેશનમાં દર્શાવતી વયમર્યાદાને ધ્યાને લઈ ઉમેદવાર પોતે પ્રિલિમ પરીક્ષામાં ઉપસ્થિત થવા પાત્રતા ધરાવે છે કે કેમ? તે નક્કી કરવાનું રહેશે, તે માટે સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહી.

## ૫. **પ્રવેશ પરીક્ષા:**

1. સ્પીપાની પ્રવેશ પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે. જે નીચે મુજબ છે.
2. **પ્રથમ તબક્કો:**સ્પીપાની પ્રથમ તબક્કાની પ્રવેશ પરીક્ષા **તા.૨૧/૦૮/૨૦૧૬ને રવિવારના** રોજ લેવામાં આવશે. જેની વિગત નીચે મુજબ છે.

## 3. હેતુલક્ષી પરીક્ષા (Multiple Choice Question)

<table>
<tr><th>તારીખ</th><th>સમય</th><th>વિષય</th><th>ગુણ</th></tr>
<tr><td rowspan="2">૨૧/૦૮/૨૦૧૬</td><td>૧૧-૦૦ થી ૧૩-૦૦</td><td>પેપર ૧. સામાન્ય અભ્યાસ<br>General Studies-1</td><td>૨૦૦</td></tr>
<tr><td>૧૪-૦૦ થી ૧૫-૩૦</td><td>પેપર ૨. સામાન્ય અભ્યાસ<br>General Studies-2 (CSAT)</td><td>૧૦૦</td></tr>
<tr><td colspan="3">કુલ ગુણ</td><td>૩૦૦</td></tr>
<tr><td colspan="4">પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર: અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા (વિગતવાર કેન્દ્રની જાણ પ્રવેશપત્ર (Hall Ticket) ઉમેદવાર http://ojas.gujarat.gov.in/વેબસાઇટ ઉપરથી તા.૧૨/૦૮/૨૦૧૬ થી તા.૨૧/૦૮/૨૦૧૬ સુધી (સવારના ૧૦.૩૦ વાગ્યા સુધી)ડાઉનલોડ કરી મેળવી શકશે.)</td></tr>
<tr><td colspan="4">નોંધ :- (૧) ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ૩૩% ગુણ બાદ કરવામાં આવશે.<br>(૨) પેપર ૧ અને પેપર ૨ ના સંયુક્ત માર્ક્સને આધારે મેરિટ તૈયાર કરવામાં આવશે.<br>(૩) અંધ ઉમેદવારને પ્રત્યેક પેપરમાં વધારાના સમય તરીકે ૨૦ મિનિટઆપવામાં આવશે.<br>(૪) બંને પ્રશ્નપત્રો (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં) હેતુલક્ષી પ્રકારના હોય છે</td></tr>
</table>

## 4. હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત:

તા.૨૧/૦૮/૨૦૧૬ને રવિવારના રોજ યોજાનાર પ્રથમ તબક્કાની પરીક્ષા માટેના પ્રવેશપત્ર (Hall Ticket) ઉમેદવાર http://ojas.gujarat.gov.in/વેબસાઇટ ઉપરથી**તા.૧૨/૦૮/૨૦૧૬(બપોરે ૨.૦૦ કલાકે) થી તા.૨૧/૦૮/૨૦૧૬સુધી (સવારના ૧૦.૩૦ વાગ્યા સુધી)** ડાઉનલોડ કરી પ્રિન્ટ આઉટ મેળવી લેવાની રહેશે.

## 5. પ્રથમ તબક્કાની પરીક્ષાનો અભ્યાસક્રમ:

| પેપર | વિષય | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પેપર-૧ | જનરલ સ્ટડીઝ, જેનો સિલેબસ આ મુજબ નો રહેશે<br>(1) Current events of national and international importance.<br>(2) History of India and Indian national movement.<br>(3) Indian and World Geography – physical, social, economic geography of India and the world.<br>(4) Indian Polity and governance – constitution, political system,Panchayati Raj, public policy, Rights Issues, etc.<br>(5) Economic and social development – sustainable development, poverty, inclusion, demographics, social sector initiative, etc.<br>(6) General issues on environmental ecology, bio-diversity and climate Change – that do not require subject specialization.General Science. | ૧૦૦ | ૨૦૦ | ૨ કલાક |

| | | | | |
|---|---|---|---|---|
| પેપર-૨ | એપ્ટીટયુડ, જેનો સિલેબસ આ મુજબ નો રહેશે<br>(1) Comprehension<br>(2) Interpersonal skill including communication skills<br>(3) Logical reasoning and analytical ability<br>(4) Decision making and problem solving<br>(5) General mental ability<br>(6) English Language comprehension skills (Class X level).<br>(7) Basic numeracy (numbers and their relations, orders of magnitude etc (Class X level), Data interpretation (charts, graphs, tables, data sufficiency etc. – Class X level) | ૫૦ | ૧૦૦ | ૧:૩૦ કલાક |
| **સ્ટેજ-૧** | | | ૩૦૦ | |

6. **દ્વિત્તિય તબક્કો:નિબંધ કસોટી**

7. પ્રથમ તબક્કામાં પેપર-૧ જનરલ સ્ટડીઝ અને પેપર -૨ એપ્ટીટ્યુડના પેપરમાં મેળવેલ ગુણના આધારે કેટેગરી વાઇઝ મેરીટ મુજબ પરીક્ષા સમિતિ દ્વારા નિયત થયેલ સંખ્યાબળના આધારે દ્વિત્તિય તબક્કા માટે બોલાવવામાં આવશે. દ્વિત્તિય તબક્કા માટે પસંદગી પામેલ ઉમેદવારોને અત્રેથી પત્ર વ્યવહાર દ્વારા **અથવા** ઇ-મેઇલથી **અથવા** ફોન દ્વારા જાણ કરવામાં આવશે.

8. **દ્વિત્તિય તબક્કો: નિબંધ કસોટી (Essay Test),ગુણ: 100, સમય: ત્રણ કલાક (બે નિબંધ લખવાના રહેશે. પ્રત્યેક નિબંધ ૫૦ ગુણનો રહેશે.)**

9. **અંતિમ પરીણામ:** પ્રથમ તબક્કા(પેપર-૧ જનરલ સ્ટડીઝના ૨૦૦ ગુણ + પેપર-૨ એપ્ટીટ્યુડના ૧૦૦ ગુણ = ૩૦૦ ગુણ) અને દ્વિત્તિય તબક્કો (નિબંધ કસોટી - ૧૦૦ ગુણ) એમ બંને તબક્કાના મળીને કુલ ૪૦૦ ગુણના આધારે કેટેગરીવાઇઝ મેરીટ પ્રમાણે આખરી યાદી તૈયાર કરવામાં આવશે.

## ૭. અરજી કરવાની રીત :-

**1.** આ જાહેરાતના સંદર્ભમાં ફક્ત ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ તારીખ મુજબ**તા.૧૬/૦૭/૨૦૧૬થી તા.૨૯/૦૭/૨૦૧૬ સુધી** ( સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.gujarat.gov.in/વેબસાઇટ પર ઓન-લાઇન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in/ વેબસાઇટ પર જવું. હવે (૨) "Apply On line" પર Clickકરવું. (૩) જાહેરાત ક્રમાંક:SPIPA/201617/2 **"યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૧૭ માટેના પ્રશિક્ષણવર્ગ ૨૦૧૬-૧૭"** પર "Details" પર ક્લિક કરવાથી કેટેગરી પ્રમાણે જગ્યાની વિગતવાર માહિતી વાંચી શકશો અને

(૪) “Apply now” પર Click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ “Personal Details” ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) ઉમેદવારે પોતે ઉપયોગમાં લેતા હોય તેવા મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી અરજીમાં દર્શાવવાના રહેશે જેથી સંસ્થા દ્વારા પરીક્ષા સંબંધિત અગત્યની માહિતીથી તેઓને વાકેફ કરી શકાય. (૫). Personal Details ભરાયા બાદ “Education Details” ભરવા માટે “Education Qualification” પર click કરવું. (૬) જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો “Add More Education” પર click કરવું.(૭) તેની નીચે “Self-Declaration” પર click કરવું. ત્યારબાદ (૮) “Self-Declaration” ની શરતો સ્વીકારવા માટે “Yes” પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૯) હવે “Save” પર click કરવાથી તમારી અરજીનો Online “Save” થશે. (૧૦) અરજી કર્યા બાદ ઉમેદવારનો “Application Number” Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૧) હવે Upload Photograph પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો . ત્યાર બાદ ok પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. ( photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને signature નું માપ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી. ) ( Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format (10 kb) સાઇઝથી વધારે નહિ તે રીતે Computer માંહોવા જોઇએ.) “Browse button” પર Click કરો. હવે Choose ફાઇલના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે., તે ફાઇલને select કરો અને “Open” button ને Click કરો. હવે “browse” buttonની બાજુમાં “Upload” button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે. (૧૨) હવે પેજના ઉપરના ભાગમાં “Confirm Application” પર Click કરો અને “Application number” તથા Birth Date type કર્યા બાદ OK પર Click કરવાથી ત્રણ બટન (૧) OK (૨) Show Application Preview અને (3) Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit કરી લેવું. Confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતું કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થઇ જશે. અહીં “Confirmation Number” Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવીને રાખવાનો. (૧૩) હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number ટાઇપકરવો. અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૪) પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલણ મેળવવા માટે હવે Print Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number ટાઇપકરવો અને Print Challan પર Click કરી ચલણની નકલ

કાઢી ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે **રૂ!.૩૦૦/- + પોસ્ટલ ચાર્જીસ** અને અનામત કેટેગરીના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગ ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે **રૂ!.૧૦૦/- + પોસ્ટલ ચાર્જીસ** ભરવાના રહેશે. (૧૫) લાલ ફૂદડીવાળી (*) માહિતી આપવી ફરજીયાત છે. આ માહિતી ફોર્મમાં ભરવામાં નહીં આવે ત્યાંસુધી ફોર્મ સબમીટ થઇ શકશે નહીં. (૧૬) નોનક્રીમીલેયરની વિગતો ફરજીયાતપણે આપવાની રહેશે. નહીં આપનાર ઉમેદવારોનું ફોર્મ સંબંધિત કેટેગરીમાં સબમિટ થશે નહિ તેમજ તેઓએ જનરલ કેટેગરીમાં ફોર્મ ભરવાનું રહેશે.

## ૮. પ્રવેશ પરીક્ષા ફી:

1. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજિયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકાશે નહીં.
2. પ્રવેશ પરીક્ષા માટેની ફી ભરવા માટે ઉમેદવારો જ્યારે OJAS ની વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે OJAS ની વેબસાઇટ પર ત્રણ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે જે ઉમેદવારોએ મેળવી લેવાની રહેશે. જે પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલણ છે.
3. ઉમેદવારે પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલણ ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારો પરીક્ષા ફી પેટે **રૂ!.૩૦૦/- + પોસ્ટલ ચાર્જીસ** અને અનામત કેટેગરીના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગ ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે **રૂ!.૧૦૦/- + પોસ્ટલ ચાર્જીસ** ભરવાના રહેશે.
4. પ્રવેશ પરીક્ષા ફી ભરવાના ત્રણ નકલ પૈકી એક નકલ પોસ્ટ ઓફિસ પોતાની પાસે રાખશે અને બે નકલ ઉમેદવારને ટીકીટ લગાવીને પરત કરશે.
5. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાના રોજ પરીક્ષા ફી ભર્યાની સ્પીપાની નકલ સાથે લઇને આવવાનું રહેશે અને પરીક્ષાખંડમાં સુપરવાઈઝરને રજૂ કરવાની રહેશે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.
6. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.
7. કોમ્પ્યુટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તારીખ ૦૧/૦૮/૨૦૧૬ (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) ની રહેશે.

## ૯. સામાન્ય સૂચનાઓ :

1. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં અને પ્રવેશ પરીક્ષા ફી ભરેલ ચલણની નકલ પરીક્ષાખંડમાં સુપરવાઇઝરને રજૂ કરવાની રહેશે. ફી ભર્યાની ચલણની નકલ રજૂ નહીં કરનાર ઉમેદવારને પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવશે નહીં.
2. પરીક્ષાના સમય પહેલાં પંદર મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.
3. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકાશે નહી.
4. પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.
5. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
6. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત ઉત્તરવહી નિરીક્ષકને સોંપી દેવી.
7. પ્રથમ તબક્કાના સફળ ઉમેદવારોને પત્રથી **અથવા** ઈ-મેલથી **અથવા** ફોનથી **અથવા** વેબસાઈટ પર માહિતી મૂકી જાણ કરવામાં આવશે અને પ્રથમ અને દ્વિતિય તબક્કાના સંયુક્ત ગુણના આધારે તૈયાર થનાર અંત્તિમ પરીણામની જાણ પણ ઉમેદવારોને પત્રથી**અથવા** ઈ-મેલથી **અથવા** ફોનથી **અથવા** વેબસાઈટ પર માહિતી મૂકી જાણ કરવામાં આવશે. તેમજ પરીણામ સ્પીપાની વેબસાઇટ **www.spipa.gujarat.gov.in**ઉપર મૂકવામાં આવશે. અંતિમ પરિણામની સાથે બંન્ને તબક્કાની પરીક્ષાના માર્ક્સ તેમજ ઉમેદવાર પ્રથમ તબક્કાની પોતાની OMR Sheet જોઈ શકશે.
8. સંસ્થા જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવાકેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો,પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય

કોઇ રીતે ગેરવર્તણુક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત સંસ્થા, સંબંધિત ઉમેદવારનેપરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

9. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા ધ્વારા “રદ” કરવામાં આવશે.

10. સંસ્થા ધ્વારા લેવાનાર પ્રથમ તબક્કાની વૈકલ્પિક અને દ્વિત્તિય તબક્કાની નિબંધ ક્સોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિંમણૂક માટેનો હક મળી જતો નથી. નિંમણૂક સમયે સક્ષમ સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

11. પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના વખતોવખતના/પ્રવર્તમાન નિયમો મુજબનિશ્ચિત શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે.

12. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહીં, પરંતુ ઉમેદવારની અરજીને ધ્યાને લઈ તેની કેટેગરી, ઉંમર, શૈક્ષણિક લાયકાત વગેરે વિગતો અન્વયે તૈયાર થયેલ આખરી કેટેગરીવાઈઝ મેરીટને સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂરી મળ્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

13. આ જાહેરાત તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યક્તા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

14. સંસ્થા ખાતે પ્રવેશ મેળવેલ ઉમેદવારો ચાલુ તાલીમ દરમ્યાન ગેરપ્રવૃત્તિ કરશે કે કરાવશે, ઉશ્કેરણીજનક કે વાંધાજનક ભાષણો કે લખાણો કરશે અથવા વિદ્યાર્થીઓ પાસે કે અન્ય ત્રાહિત વ્યક્તિ પાસે કરાવશે, વિદ્યાર્થી સંગઠનો/કમિટી/યુનિયન બનાવી યુપીએસસીના અભ્યાસ ને ધ્યાનમાં ન રાખતાં અન્ય પ્રવૃત્તિઓ કરશે એટલે કે એવી પ્રવૃત્તિઓ કે જે અન્ય વિદ્યાર્થીઓ કે સંસ્થાને નુકસાનકર્તા કે હાનિકર્તા હશે તો તેવા સંજોગોમાં ચાલુ તાલીમ દરમ્યાન પણ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાની અબાધિત સત્તા સંસ્થાના સક્ષમ સત્તાધિકારીને રહેશે.

15. આખરી પરિણામ જાહેર થયા બાદ કેટેગરી વાઈઝ મેરિટમાં ઉમેદવારે મેળવેલ ગુણ ને આધારે ક્રમશઃ સ્પીપા મેઈન સેન્ટર(+ પ્રા. તા. કે. અમદાવાદના વિદ્યાર્થીઓ સહિત), ગુજરાત કોમર્સ કોલેજઅને સ્પીપાના તાબા હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્ર રાજકોટ, વડોદરાઅને સુરત ખાતે પ્રવેશ મળવાપાત્ર થશે,તદ્દન્વયે ઉમેદવારોએ દિન-૧૫ માં ડિપોઝીટ ભરીને અચૂક પ્રવેશ મેળવવાનો રહેશે અન્યથા તેમનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને તેમની જગ્યાએ પ્રતિક્ષાયાદીમાંથી અન્ય ઉમેદવારોને કેટેગરી વાઈઝ મેરિટ પ્રમાણે બોલાવીને તે જગ્યાએ પ્રવેશ આપવામાં આવશે. કોઈપણ સંજોગોમાં સેન્ટર બદલી આપવામાં આવશે નહિ.
16. સ્પીપા ખાતે હાલમાં ચાલી રહેલ રિનોવેશનને કારણે સ્પીપા મેઈન સેન્ટરના (૧૦૦ વિદ્યાર્થીઓ) અને પ્રા.તા.કે. સ્પીપા અમદાવાદના(૬૦ વિદ્યાર્થીઓ) એમ મળીને બન્ને સેન્ટરના કુલ ૧૬૦ વિદ્યાર્થીઓને એલ. જે. લૉ કોલેજ, એલ.જે કેમ્પસ, સરખેજ, અમદાવાદ ખાતે તાલીમવર્ગ, રિડિંગરૂમ અને લાયબ્રેરીની સવલત પૂરી પાડવામાં આવશે. વધુમાં આ સેન્ટર્સ ખાતે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ સ્વખર્ચે તાલીમસ્થળે પહોંચવાનું રહેશે.
17. પ્રા. તા. કે. સુરત, વડોદરા અને રાજકોટ ખાતે ત્યાં ચાલી રહેલ રિનોવેશનને કારણે હાલમાં પ્રત્યક્ષ વ્યાખ્યાનથી લેક્ચર્સ લેવામાં આવે છે, રિનોવેશન પૂર્ણ થયેથી રાબેતા મુજબ વિડિયો કોન્ફરસીંગ મારફત સ્પીપા મેઈન સેન્ટરથી લેકચર વડોદરા, સુરત અને રાજકોટ ખાતે લાઇવ રીલે કરવામાં આવશે. જેમાં ઉમેદવાર પ્રશ્નોત્તરી પણ કરી શકશે.
18. સ્પીપા અને તેના પ્રા. તા. કે. વડોદરા, સુરત અને રાજકોટ ખાતે ચાલી રહેલ રિનોવેશનને કારણે કોઈપણ તાલીમાર્થીને કોઈપણ સેન્ટર ખાતે હોસ્ટેલમાં રહેવાની તથા જમવાની સવલત મળવાપાત્ર નથી, તદ્દનવયે વિદ્યાર્થીઓએ સ્વખર્ચે તેની વ્યવસ્થા કરવાની રહેશે.
19. સ્પીપાની પ્રવેશ પરીક્ષામાં અંતિમ પસંદગી મળ્યેથી પ્રવેશ મેળવનાર ઉમેદવારે અંદાજિત રૂ.૩૨૦૦/-રિફંડેબલ ડિપોઝીટ સંસ્થા ખાતે ભરીને પ્રવેશ મેળવવાનો રહેશે, તાલીમ પૂર્ણ થયેથી ડિપોઝીટ પરત કરવામાં આવશે.

## ૧૦. પ્રાથમિક કસોટી માટેના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓઃ-

1. **પ્રશ્નપત્ર-૧**જનરલ સ્ટડીઝ પેપર -૧: ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions)રહેશે.
2. **પ્રશ્નપત્ર-૨**જનરલ સ્ટડીઝ પેપર -૨: ૧૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions)રહેશે.

**(ઉક્ત બંને પરીક્ષા આપવી ફરજિયાત છે. બંન્ને પેપરના માર્કસને આધારે મેરિટ બનશે.)**

3. પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે. જવાબો બોલપેન (બ્લ્યુ/કાળી)થી ફક્ત (●) કરીને આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.

4. ઉત્તરવહીમાં જવાબ આપવા માટે માત્રબોલપેન(બ્લ્યુ/કાળી)નો જ ઉપયોગ કરવો.
5. ઉત્તરવહીમાં નિયત જગ્યાએ તમારો બેઠક નંબર, નામ અને કેટેગરી (Category) અવશ્ય લખવી.
6. ઉત્તરવહીમાં જવાબ માટે બોલપેન (બ્લ્યુ/કાળી)થી કરેલ નિશાની સિવાયનું (●) કોઇપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહીં.
7. ઉત્તરવહી ઉપર નિરીક્ષકની સહી છે કે નહીં તેની ખાત્રી કરી લેવી. જો તમારી ઉત્તરવહી ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી ઉત્તરવહી મૂલ્યાંકન માટે ગણાશે નહીં.
8. ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ગુણના ૩૩% ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.
9. ઉમેદવારે સાચો બેઠક નંબર અને અરજીમાં દર્શાવેલ કેટેગરી ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાની રહેશે. બેઠક નંબર સિવાય અથવા ખોટા નંબરની ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવશે નહીં.
10. પ્રથમ તબક્કાનું પરીણામ આકસ્મિક સંજોગો સિવાય **તા. ૩૧/૦૮/૨૦૧૬**ના રોજ સંસ્થાના નોટીસ બોર્ડ અને સંસ્થાની વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવશે.
11. જૂના પ્રશ્નોપત્રો સ્પીપાની વેબસાઇટ પર ઉપર મૂકવામાં આવ્યા છે. જેના આધારે પ્રશ્નોપત્રો વિશેની સમજ સ્પષ્ટ થશે.

## ૧૧. સામાન્ય શરતો :

1. અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહીં.
2. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોનો ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નોન-ક્રિમિનીલેયર સર્ટીફિકેટ **{નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેનું}** સંસ્થા ધ્વારા મંગાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે.
3. બિન-અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬-૦૫-૨૦૧૬ ના ઠરાવક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ માં ઠરાવ નં.૨ માં ઠરાવેલ પરિશિષ્ટ – અ મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
4. અરજદારના અસલ પ્રમાણપત્રો સંસ્થા ધ્વારા મંગાવવામાં આવે તે સમયે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.
5. પરીક્ષા ફી ભર્યા બાદ ફી રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ તેને પરત ખેંચી શકાશે નહીં.

6. ફી ભર્યા સિવાયની અરજી મળેલ હશે તો વિચારણામાં લેવામાં આવશે નહીં.
7. સંસ્થા તરફથી આપવામાં આવતી અદ્યતન સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતા રહેવું.
8. પ્રવેશ પરીક્ષાની જાહેરાત અન્વયેનાં મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે **ટોલફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૫૫૦૦**નો ઉપયોગ કરવો.

**Sd/-**

તારીખ:૧૬/૦૭/૨૦૧૬

સ્થળ: અમદાવાદ

સંયુક્ત નિયામક, (સ્ટડી)
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
અમદાવાદ